આજે સમર્પણ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મિટીંગ

## @ગાંધીનગર

● સે-૨૦ સરકારી પ્રાથમિક શાળા નં. ૨ ખાતે સવારે ૧૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમિયાન આધારકાર્ડ કેમ્પ યોજાશે.

● રેશનલ સમાજની માસિક બેઠક સાંજે ૫.૦૦ કલાકે સે-૨૩ બ્લોક નં. ૬૧/૧ ઘ ટાઈપ ખાતે યોજાશે.

● સેંટ ઝેવિયર્સ શાળાનો ૪૭મો રમતોત્સવ સવારે ૮.૧૫ કલાકે શાળાના પટાંગણમાં શરૂ થશે.

● દિવાકર ચૌકેકર લિખિત 'તુજ્યા સારખી તૂ' અને બિંબ-પ્રતિબિંબ ગુજરાતી-મરાઠી કાવ્ય સંગ્રહનો પ્રકાશન સમારોહ સાંજે ૪.૦૦ કલાકે સે-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાશે.

● શ્રીમદ્ ભગવદ ગીતા જયંતિ નિમિત્તે સે-૧ સમદર્શન આશ્રમ ખાતે સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન સંપૂર્ણ ગીતા પારાયણ સત્સંગ યોજાશે.

# હોસ્પિટલના ઈ, એફ અને જી વિભાગ જર્જરીત

## પીઆઈયુ વિભાગ દ્વારા જર્જરીત હોવાનું કહેવા છતાં ત્રણેય બ્લોક કાર્યરત

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના જુના બિલ્ડીંગના ઈ, એફ અને જી વિભાગની બિલ્ડીંગ જર્જરીત હાલતમાં છે. તેમ છતા તે બિલ્ડીંગમાં વોર્ડ અને તંત્રની ઓફિસ આવેલી હોવાથી દર્દીઓ અને કર્મચારીઓના માથે જોખમી ખતરો મંડરાઈ રહ્યો છે. હોસ્પિટલની મરામતની જવાબદારી સંભાળતા પીઆઈયુ વિભાગ દ્વારા ત્રણેય બિલ્ડીંગ જર્જરીત હાલતમાં હોવાનું કહેવામાં આવ્યું છે. છતા પણ હોસ્પિટલના તંત્ર દ્વારા અવગણના કરવામાં આવી રહી તેવું લાગી રહ્યું છે. ત્યારે ઈ, એફ અને જી વિભાગમાં આવેલ વોર્ડમાં દર્દીઓ અને આવેલ ઓફિસમાં બેઠેલા કર્મચારીઓ રામભરોસે હોય તેવું લાગી રહ્યું છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત હોસ્પિટલમાં આઠમાળની ઈન્ડોર તેમજ પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ તૈયાર કરવામાં આવી છે. કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર થયેલ સંકુલમાં કેટલાક ફેરફાર હજુ પણ બાકી રહ્યા છે. અત્યારે હાલના સમયે સંકુલમાં નવિનીકરણનું કામ ચાલુ જ છે. જુના ઓપીડી બિલ્ડીંગમાં બાળકોનો વોર્ડ તૈયાર થશે. ત્યારે જુના હોસ્પિટલની બિલ્ડીંગમાં ઈ,એફ અને જી માં મધરવોર્ડ, સિક્યુરીટી ઓફિસ, એસઆઈની ઓફિસ, ટીબી ઓફિસ આવેલી છે. જેમાં ઓફિસમાં કર્મચારીઓ તેમજ વોર્ડમાં દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. પરંતુ જુના ત્રણેય બિલ્ડીંગ જર્જરીત હાલતમાં છે તેવું પીઆઈયુ વિભાગ દ્વારા જણાવાયું છે. જો ત્રણેય બિલ્ડીંગ હોસ્પિટલ તંત્ર દ્વારા ખાલી કરી દેવામાં આવે તો ત્યાં આધુનિક બિલ્ડીંગના નિર્માણનું કામ શરુ થઈ શકે તેમ છે. ત્યારે ત્રણ બિલ્ડીંગમાં બેસતા કમીઓ અને દર્દીઓ રામભરોસે હોય તેવું ચિત્ર સ્પષ્ટ થયું છે.




## પેન્શનરને બે ટકા મોંઘવારી ભથ્થુ જાહેર કરવા ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળની રજુઆત

ગાંધીનગર, તા.૯

રાજય સરકારે નિતિ વિષયક નિર્ણય લઈ ગુજરાત રાજયના કર્મચારીઓ અને પેન્શનર્સને કેન્દ્ર સરકારના ધોરણે પગાર તેમજ અન્ય મળવાપાત્ર ભથ્થાઓ અને લાભો આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ રાજય સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારી અને નિવૃત્ત સરકારી અધિકારીઓને મળવા પાત્ર બે ટકા મોંઘવારી ભથ્થુ મળ્યું નથી. સરકાર દ્વારા જાહેરાત કરીને ઝડપથી કર્મચારીઓ અને પેન્શનરને મોંઘવારી ભથ્થુ મળે તે માટે ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ દ્વારા નાયબ મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી છે.

કેન્દ્ર સરકારે ૧ જુલાઈ ૨૦૧૬થી ૨ ટકા મોંઘવારી ભથ્થુ જાહેર કરેલ છે તે અંતર્ગત રાજયના કર્મચારીઓ અને પેન્શનર્સને ૨ ટકા મોંઘવારી (રાહત) ભથ્થું આપવાનું થાય છે. સામાન્ય રીતે રાજય સરકાર જુલાઈમાં જાહેર થતુ મોંઘવારી ભથ્થું કેન્દ્ર સરકારે જાહેર કર્યા પછી ઓકટોબર કે નવેમ્બરમાં ડી.એ. જાહેર કરે છે. પરંતુ આજ દિન સુધી મોંઘવારી ભથ્થુ જાહેર કર્યું નથી. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તેમજ કેન્દ્રીય આંકડાના કાર્યાલય મુજબ તાજેતરમાં મોંઘવારી આંક જુલાઈ-૧૬ થી નવેમ્બર-૧૬ સુધીમાં બીજા ૩ ટકા વધી છે. શાકભાજી સહિત ઘરવપરાશમાં તમામ ચીજવસ્તુઓના ભાવમાં ૧૦ થી ૧૫ ટકાનો તોતિંગ વધારો થયો છે. ત્યારે પેન્શનર્સને ખર્ચના બે છેડા ભેગા કરવા મુશ્કેલ પડે છે ત્યારે રાજય સરકાર દ્વારા સત્વરે ૨ ટકા મોંઘવારી ભથ્થુ તા. ૧ જુલાઈ ૨૦૧૬થી જાહેર કરવામાં આવે તેવી લેખિત રજુઆત ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ દ્વારા નાયબ મુખ્યમંત્રીને રજુઆત કરી છે.

## ઈ-ચીટર સુધી પહોંચવા પોલીસે એથીકલ હેકરની મદદ લીધી : ટ્રાન્સફર કરેલા ૨૨ લાખ ફ્રીઝ કરી દેવાયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય કરતાં એક વેપારીની કંપનીનું ઈ-મેઈલ આઈ.ડી. હેક કરી ઈ-ચીટરે બેંકમાં બોગસ મેઈલ કરીને રૂ. ૨૨ લાખનું ટ્રાન્ઝેકશન કરી છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ સે-૭ પોલીસ મથકે નોંધાઈ છે. આ પ્રકરણમાં ઈ-ચીટર સુધી પહોંચવા પોલીસે એથીકલ હેકરની મદદ લીધી છે તો બીજી તરફ તેલંગાણા અને મુંબઈની જે બેંકમાં વેપારીના રૂપિયા ટ્રાન્સફર કરાયા છે ત્યાં તપાસ કરવા સે-૭ પોલીસ જશે અને હાલ પુરતું આ બેંકનો સંપર્ક કરી પોલીસે રૂપિયા ફ્રીઝ કરાવી દીધા છે.

સેકટર-૧૧માં મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ ખાતે મારૂતી હોલીડેઝ નામની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય કરતાં સે-૨ના વેપારી સાથે રૂ. ૨૨ લાખનું ચીટીંગ થતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. તે સાઈબર ક્રાઈમના આ ગુનાની વિગત એવી છે કે વેપારીની કંપનીનું ઓફીશીયલ ઈ-મેઈલ આઈડી હેક કરી લઈ હેકરે આ જ નામનું બોગસ આઈ.ડી. બનાવી વેપારીના બેંકમાં મેઈલ કરીને તેલંગાણા અને મુંબઈ થાનેની બે અલગ અલગ બેંકની કોઈ વ્યકિતના ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. રૂ. ૨૨ લાખ ટ્રાન્સફર થઈ ગયા તે અંગે વેપારીને જાણ થતા તેણે ફરિયાદ નોંધાવી ઈ-મેઈલ બ્લોક કરાવી દીધું છે. પોલીસે હવે આ હેકરને પકડવા એથીકલ હેકરની મદદ લીધી છે. વેપારીના ૧૧ લાખ રૂપિયા જે બે ખાતામાં જમા થયા છે તે પણ ફ્રીઝ કરાવી દેવામાં આવ્યા છે. સે-૭ પોલીસ ગુનાની તપાસ માટે તેલંગાણા અને મુંબઈ જવાના રવાના થશે.

## વાતવાતમાં

● હાલ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ ચાલુ છે જેમાં આ પરીક્ષા કાર્યક્રમમાં ઈદ-એ-મિલાદની રજા તા. ૧૩મી ડિસેમ્બર મંગળવારની જાહેર કરાઈ હતી. જો કે કેન્દ્ર સરકાર દ્વારા તા. ૧૨મી ડિસેમ્બર સોમવારે ઈદ-એ-મિલાદની રજા જાહેર કરતા યુનિવર્સિટી દ્વારા હવે તે દિવસની પરીક્ષા મંગળવારે લેવાશે તેવી જાહેરાત કરાઈ છે.

● સેકટર-૨૧માં માઉન્ટ કાર્મેલ સ્કૂલની સામેના ભાગે એક રખડતા કૂતરાંએ કોઈ પ્લાસ્ટિકની બરણીમાંથી ખોરાક મેળવવા પ્રયત્ન કરતા તે બરણીના હેન્ડલમાં તેનું માથું ઘુસી ગયું હતું. જેના કારણે બરણી તેના ગળામાં ટકાવી હોય તેવી હાલત સર્જાઈ હતી. આ કારણે હતપ્રત થયેલું કુતરું એટલી હદે ગભરાઈ ગયું હતું કે તેને આ સમસ્યામાંથી બહાર લાવવા પ્રયત્ન કરવા જતા સેવાભાવી નાગરિકોથી પણ તે દુર ભાગતું હતું.

● ગાંધીનગરના ચ માર્ગ પર ચ-૨ અને ચ-૩ સર્કલે ઓઈલ ઢોળાયું હતું. આ ઓઈલ ઢોળાવાને કારણે અનેક ટુ વ્હીલર વાહન ચાલકો સ્લીપ ખાઈ ગયા હતા.

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને અનુલક્ષીને ખાસ તકેદારી લેવાઈ રહી છે. છેલ્લા ચાર દિવસથી સિવિલ સુપ્રિટેન્ડેન્ટ તથા આરએમઓ હોસ્પિટલના તમામ વિભાગનો નિયમિત રાઉન્ડ લઈ રહ્યા છે.





ગાંધીનગરના સે-૨૩માં બીબીએ કોલેજના યજમાન પદે ત્રિદિવસીય આઈના-મેગ્નેટ એન્ટપ્રિન્યોર ફિએસ્ટા કાર્યક્રમ યોજાયો છે. આ કાર્યક્રમમાં યોજાયેલ એન્ટરપ્રિન્યોર ફિએસ્ટા અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ ફુડ ફેસ્ટિવલમાં ખાણીપીણીની વિવિધ નાસ્તાની વાનગીના સ્ટોલ્સ યોજી વિદ્યાર્થીઓ વ્યવસાયનો જાત અનુભવ કેળવી રહ્યાં છે. આ ફુડ ફેસ્ટિવલનું ઉદઘાટન શહેરની પ્રતિષ્ઠિત હોટેલ 'પ્રેસિડેન્ટ'ના માલિક હરેન્દ્રસિંહના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયન તથા આર.જી. કન્યા શાળાના આચાર્યા સુધાબેન પટેલ સહિત કડી સંકુલના અગ્રણીઓ તથા બીબીએ કોલેજના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર દલિત સેના દ્વારા આઈ ચેક અપ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા વિના મૂલ્યે આંખ નિદાન કેમ્પનું આયોજન શહેરના બે સ્થળો પર કરવામાં આવ્યું છે. જેમાં તા. ૧૧ ડિસેમ્બરને રવિવારના રોજ સવારે ૯.૩૦થી ૧૨.૦૦ કલાક દરમિયાન સે-૨૪ ખાતે સરકારી દવાખાનામાં યોજાશે. આ કેમ્પના ઉદઘાટન પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર ધીરુભાઈ ડોડીયા, અંકીત બારોટ, મનપાના મેડીકલ ઓફિસર ડૉ. દિનેશ બારોટ, ડૉ. નિતિન અન્જાન ઉપસ્થિત રહેશે. જયારે બીજો કેમ્પ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ દરમિયાન સે-૬ સંત રોહીદાસ સેવા સંકુલ ખાતે યોજાશે. કેમ્પના ઉદઘાટન પ્રસંગે કાનજીભાઈ પરમાર (પ્રમુખ સંત રોહિદાસ સેવા સમાજ), એલ.એન. પરમાર (ચેરમેન-ન્યાય સમિતિ ગાંધીનગર), કેશરીસિંહ બિહોલા (પ્રમુખ ગાં. શહેર વસાહત મહાસંઘ) ઉપસ્થિત રહેશે. શહેરમાં દલિત સેના દ્વારા આયોજિત બંને આંખ નિદાન કેમ્પમાં ડૉ. તેજલ દલાલ અને તેમની ટીમના સભ્યો હાજર રહેશે. સમયસર આંખની તપાસ નહી કરાવવાના કારણે ઘણા લોકોને આંખો ગુમાવવાનો વારો આવે છે. બાળકોને ચશ્માના અભાવથી અભ્યાસમાં તકલીફ અને વડીલોને ચશ્માના અભાવથી રોજમદાર જીવનમાં કામકાજમાં ભારે તકલીફનો સામનો કરવો પડે છે. ત્યારે ગાંધીનગર શહેરના દલિત સમાજના ભાઈ-બહેનો અને નગરજનોને આ કેમ્પનો લાભ લેવા દલિત સેનાના પ્રમુખ બાબુભાઈ મેસરવાલાએ અનુરોધ કર્યો છે. ઉલ્લેખનીય છે કે તા. ૧૩-૧૨-૨૦૧૬ને મંગળવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન પાટણવાડા રોહિત સમાજ સેવા સંઘ, રોહિત સદન ૧૦૪/૬૧૨, ખોડીયાર, આઈ.ઓ.સી. રોડ બહુચર ચોક, ચાંદખેડા ખાતે પણ આઈ ચેક અપ કેમ્પ યોજાશે.

## વિશ્વકર્મા એન્જિનીયરીંગ ખાતે રીન્યુએબલ એનર્જી અંગે વિન્ટર સ્કૂલનું આયોજન

ગાંધીનગર, તા.૯

શિક્ષકો અને સંશોધન વિદ્વાનો રીન્યુએબલ ઉર્જા સ્ત્રોતોના ઉપયોગ બાબત વિસ્તારથી પરિચિત થાય તે હેતુથી વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ ચાંદખેડા ખાતે તા. ૧૨-૧૨-૨૦૧૬ થી ૧૭-૧૨-૨૦૧૬ સુધી એક અઠવાડિક 'ફયુચર ટ્રેન્ડ ઈન રીન્યુએબલ એનર્જી સોર્સ' વિન્ટર શાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમનો હેતુ 'ફયુચર ટ્રેન્ડ ઈન રીન્યુએબલ એનર્જી સોર્સ'ની મદદથી ડિઝાઈનની સમસ્યાઓ સમજી તેના ઉકેલો શોધવાનો છે. આ ક્ષેત્રે સહભાગીઓ માટે અનુભવ મેળવવા માટે થોડા કેસ સ્ટડીઝ, કોમ્પ્યુટર લેબોરેટરી તાલીમ અભ્યાસક્રમ સિધ્ધાંત, વ્યવહારુ સુત્રો અને પ્રયોગો દ્વારા વિભાજિત કરવામાં આવશે.

વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ ચાંદખેડાના પ્રિન્સીપાલ અને જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. રાજુલ ગજ્જરના કહેવા પ્રમાણે 'ઉર્જા બચત એ ઉર્જાનો મહત્તમ ઉપયોગ અને તેના બગાડને રોકવાના પગલા છે જે આજના યુગની તાતી જરૂરિયાત છે.'

પ્રો. એસ.પી. સાપ્રે, ખાતાના વડા, ઈલેકટ્રીક ઈજનેરીના જણાવ્યા મુજબ આપણા પૂર્વજ જે પહેલેથી પ્રકૃતિ અને પ્રાકૃતિક તત્વોની પૂજા કરતા આવ્યા છે. તેઓ જાણતા હતા કે આ તત્ત્વો જ પૃથ્વી પર જીવનને ટકાવે છે. ઋગ્વેદમાં પણ સૂર્ય, વરુણ, વાયુ, અગ્નિ, ચંદ્ર અને પૃથ્વીની પૂજા માટેની અનેક ઋચાઓ છે. જેમ કે 'નૂનઃ જનાઃ સૂર્યેણ પ્રસુતાઃ' એટલે કે 'જે પણ કંઈ અસ્તિત્વમાં છે તે સૂર્યમાંથી ઉદભવ્યું છે.'

પ્રો. કે.બી. રાઠોડ, કો. ઓર્ડીનેટર વિન્ટર શાળા એ જણાવ્યું હતું કે 'સૂર્ય, પવન અને પાણી જીવનના મૂળભૂત સ્ત્રોતની સાથે સાથે નવીનતમ ઊર્જાન સ્ત્રોત પણ છે. નવીનતમ ઉર્જા સ્ત્રોતો એટલે સૂર્ય, પવન, જળ, ભરતી અને ભૂગર્ભીય ગરમી વગેરે પ્રાકૃતિક ઉર્જા સ્ત્રોતો. આપણા પ્રણાલીગત ઉર્જા સ્ત્રોતો જેવા કે કોલસો, પેટ્રોલિયમ, ખનીજતેલ વગેરે બહુ ઝડપથી ખતમ થઈ રહ્યા છે. જો આપણે વહેલી તકે તેમના વિકલ્પો નહીં શોધીએ તો વિશ્વને ભવિષ્યમાં ઉર્જાની વિકટ સમસ્યાનો સામનો કરવો પડશે. વધુમાં પ્રણાલીગત ઉર્જા સ્ત્રોતોના ઉપયોગથી પ્રદુષણ વધે છે. આવા સમયે આ નવીનતમ ઉર્જા સ્ત્રોતો કે જે અખુટ અને પ્રદુષણહીન છે તેમનું મહત્વ ખુબ વધી જાય છે.'

## ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કાર્યક્રમ યોજાયો





ચિલોડા, તા.૯

જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલ નજીક મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ચિલોડા પોલીસ તથા હોમ ગાર્ડ સબ યુનિટ સંસ્થાના સંયુકત ઉપક્રમે સબ યુનિટના ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકીની રાહબરી હેઠળ સ્વચ્છતા અભિયાન આરંભાયું હતું. આ સ્વચ્છતા મિશનમાં ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. એલ.ડી. વાઘેલા તેમજ પોલીસ સ્ટાફના કર્મચારીઓ અને હોમગાર્ડઝ જવાનોએ નિષ્ઠાપૂર્વક સ્વચ્છતાની કામગીરી કરી પોલીસ સ્ટેશનના પટાંગણની સફાઈ કરી હતી. આમ સ્વચ્છતા મિશનમાં ટ્રેકટરથી કચરાનો નિકાલ કર્યો હતો. આ સાથે હોમગાર્ડઝ જવાનોએ ચિલોડા સર્કલ નજીકના માર્ગો પર ટ્રાફિક નિયમનની કામગીરી કરી હતી ત્યારબાદ પોલીસ સ્ટેશન પાસે તમામ કર્મચારીને અલ્પાહાર કરાવી કાર્યક્રમની પુર્ણાહુતી કરી હતી.

## બીસીએ કોલેજમાં ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર (બી.સી.એ. અને પી.જી.ડી.સી.એ.) દ્વારા કર્ણાવતી ડેન્ટલ કોલેજના સહયોગથી ડેન્ટલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને દાંતને લગતી સમસ્યાઓ વિષે જણાવવાનો અને તેના ઉપચાર માટે માર્ગદર્શન આપવાનો હતો. આજના વિદ્યાર્થીઓની કેટલીક આદતો ખાસ કરીને પાન ગુટખાના વ્યસનો, જંક ફૂડ ખાવાની આદતો અને સમયાંતરે યોગ્ય મેડીકલ ચેકઅપ ન કરાવવાના કારણે આજે વિદ્યાર્થીઓમાં ઘણી બધી દાંતની સમસ્યાઓ ઉદભવે છે જેના નિરાકરણ માટે નિયમિત દાકતરી તપાસ કરાવવી જરૂરી હોય છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને કોલેજ દ્વારા ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે



વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કોલેજ દ્વારા શૈક્ષણિક તેમજ સંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવાની સાથે સાથે અવાર નવાર વિદ્યાર્થીઓના સ્વાથ્યને લગતા કેમ્પ પણ કરવામાં આવે છે.

આ કેમ્પમાં કર્ણાવતી ડેન્ટલ કોલેજના ડૉ. પાર્થ ઠાકર તેમની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા તેઓએ વિદ્યાર્થીઓના દાંતની જરૂરી તપાસ કરી, દાંતની જાળવણી માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું અને તેમની કોલેજ દ્વારા મફત સારવાર આપાય છે તો જે વિદ્યાર્થીઓને સારવારની જરૂર છે તેઓએ કોલેજ પર આવી જરૂરી સારવાર કરાવવા સલાહ આપી હતી. તમામ વિદ્યાર્થીઓના દાંતને લગતા પ્રશ્નોનું સમાધાન પણ આપ્યું હતું.

સમગ્ર કેમ્પનું આયોજન કોલેજના ડાયરેકટર ડૉ. સંજય શાહના માર્ગદર્શન હેઠળ પ્રો. રૂપેશ વ્યાસ, પ્રો. રીમા શેલત અને પ્રો. જૈમિની કુલકર્ણી દ્વારા સંપન્ન કરવામાં આવ્યું હતું જેમાં કોલેજના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ મિત્રોનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## આજે સમર્પણ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મિટીંગ

ગાંધીનગરના ખ-૭ સર્કલ પાસે સે-૨૮માં આવેલ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે તા. ૧૦મી ડિસેમ્બર શનિવારે સવારે ૧૦ કલાકે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મિટીંગ યોજવામાં આવી છે. આ મિટીંગ કોલેજ સંકુલ ખાતે યોજાશે. આ બેઠક અંગે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને જાણ કરી મિટીગમાં મોટી સંખ્યામાં હાજર રહેવા અનુરોધ કરાયો છે. આ મિટીંગ અંગે કોઈ પણ માહિતી માટે દિપક પ્રજાપતિ અથવા પ્રો. સુરેન્દ્રસિંહ વાઘેલાનો સંપર્ક સાધવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. મીનાબેન મીઠાલાલ શાહ, ઉ.વ. ૬૫
- સ્વ. હરગોવિંદભાઈ કલ્યાણદાસ પટેલ, ઉ.વ. ૬૨
- સ્વ. કેશાભાઈ સોમાભાઈ બજાણીયા, ઉ.વ. ૬૫
- સ્વ. લાલજીભાઈ મહેન્દ્રભાઈ સોઢાતર, ઉ.વ. ૩૬